## 50 (૧) રેલવે વગેરે દ્વારા કરેલ મુસાફરી-ભથ્થાના બિલમાં ટિકિટની વિગતો અંગે

ગુજરાત સરકાર, નાણા વિભાગ, ઠરાવ : મસલ-૨૧૮૧-૧૭૬૪-જ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯-૭-'૮૨

*વંચાણમાં લીધો : ના. વિ. નો વખતોવખતનો સુધારેલ ક્રમાંક : મસલ-૨૧૬૬*

૧. રેલવે દ્વારા પ્રવાસ : ટિકિટનો નંબર, સ્થળ અને ખરીદ કર્યા તારીખની વિગતો આપવી.

૨. રાજ્ય પરિવહનની બસ દ્વારા પ્રવાસ : ટિકિટનો નંબર, સ્થળ અને ખરીદ કર્યા તારીખની વિગતો આપવી.

રાજ્ય પરિવહન દ્વારા આપવામાં આવેલ ટિકિટ અથવા મુસાફરી-ભથ્થામાં આપવામાં આવેલ ટિકિટ કયાંય મુકાઈ હોય, ક્ષતિયુક્ત કે ગુમ થઈ ગઈ હોય તો દાવેદારે આમ થવાનું પ્રમાણપત્ર આપવું.

૩. પોતાની, ઉછીની કે ભાડાની મોટર દ્વારા પ્રવાસ :

મુસાફરી-ભથ્થાના બિલમાં વાહનનો નોંધણીનંબર દર્શાવવો; ટેકસી કે ટુરિસ્ટ કોચ દ્વારા કરવામાં આવેલ પ્રવાસ બાબતમાં ચુકવણી કર્યા બદલની વાજબી રસીદો જોડવી.

૪. અન્ય વાહન દ્વારા પ્રવાસ : એજન.

વિભાગના નિયંત્રણઅધિકારીઓ પાસે રજારાહતનાં પડતર બિલોની બાબતમાં ઉક્ત કથિત વિગતો માટે આગ્રહ રાખવો નહિ.

છતાં પણ નિયંત્રણઅધિકારીએ રજામુસાફરી-ભથ્થાં રાહતનાં બિલો ઉપર પ્રતિસહી કરતાં પહેલાં અને ચુકવણી સારુ રજૂ કરતાં પહેલાં જરૂરી લાગે તેવી શકય તેટલી બધી ચકાસણી કરી લેવી.

આ હુકમો રવાના કર્યાની તારીખ પછીથી સરકારી કર્મચારીએ ભોગવેલ રજાપ્રવાસ-રાહતને લગતાં બધાં મુસાફરી-ભથ્થાં બિલોમાં ઉપર ફકરા (૧) માં દર્શાવેલી સંપૂર્ણ વિગતો આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, સત્તાધિકારી

સેકશન અધિકારી, ના. વિ.

*નોંધ : 'ઠરાવ'માંથી તારવેલ ઉપસંહારરૂપે આપેલ છે. - સંપાદક*